## <u>રેગ્યુલર દિ.મુ.નં. ૧૭૦/૨૦૨૧</u>

### <u>-: આંક – ૫ લગત હુકમ :-</u>

(૧). વાદીની હાલની કામચલાઉ મનાઇ હુકમની અરજીની હકીકત એવી છે કે, વાદી સગીર પુત્રી હેમાન્સીના કાયદેસરના સગા માતા છે અને પ્રતિવાદી નં.૧ સગીર વાદીના દાદા થાય છે અને પ્રતિવાદી નં. ૨ સગીર વાદીના દાદાના બહેન થાય છે. વાદીના લગ્ન પ્રતિવાદીના નં. ૧ ના પુત્ર શ્રી જેન્તીભાઇ પરસોતમભાઇ ચુડાસમાની સાથે હીન્દુ શાસ્ત્રોકત વિધી મુજબ સને-૨૦૦૯ ની સાલમાં થયેલા અને તેનાથી સંતાનમાં એક પુત્રી હેમાન્સી સગીર વાદી નં.૧ થયેલ હતી. ત્યારબાદ પ્રતિવાદીના પુત્ર શ્રી જેન્તીભાઇ પરસોતમભાઇ ચુડાસમાની સાથે મનદુ:ખ થતા તા. ૨૬/૦૩/૨૦૧૯ ના રોજ સમાજના રીત રીવાજ મુજબ છુટાછેડા થયેલા અને સગીર પુત્રી હેમાન્સીનો કબજો વાદીને સોંપવામાં આવેલ તથા તેના ભરણપોષણ પેટે રૂા. ૨,૫૦,૦૦૦/- ચુકવવાના હતા પરંતુ કોઇપણ સગીરનો કાયદેસરનો હકક, હીત, હીસ્સો ભારતીય કરારના કાયદાની કલમ ૨૫,૨૬,૨૭ મુજબ કોઇપણ કરાર કરેલ હોય તે કાયદાકીય રીતે વોઇડ ગણાય અને તે કરાર રદ ગણાય. ત્યારબાદ વાદીની નાની ઉંમર હોય વાદીએ અકાળા(ગીર), તા.માળીયા હાટીના જી.જુનાગઢના રહીશ અશોકભાઇ મેરામણભાઇ એરડા સાથે પુન:લગ્ન કરેલ અને પ્રતિવાદી નં. ૧ સાથે છુટાછેડા સમયે મૌખીક માં જણાવેલ કે, વાદીની સગીર પુત્રી હેમાન્સીના નામે રૂા. ૨,૫૦,૦૦૦/- અંકે રૂપીયા બે લાખ પચાસ હજાર પુરા બેંકમાં ફીકસ ડીપોઝીટ મુકવાના હતા અને જો પ્રતિવાદી નં.૧ ના પુત્ર આ બંને સગીર પુત્રી હેમાન્સીના નામે સદરહું રકમ ન મુકી શકે તો આ કરાર આપો આપ રદ ગણાશે. આ કામના પ્રતિવાદી કે તેના પુત્ર શ્રી જેન્તીભાઇ પરસોતમ ચુડાસમાએ આજદીન સુધી કોઇપણ રકમ સગીર પુત્રી હેમાન્સીના નામે ફીકસ ડીપોઝીટ કરાવેલ નથી. પ્રતિવાદી નં. ૧ રૈયાભાઇ ચુડાસમાના પુત્ર શ્રી પરસોતમભાઇના વારસોમાં (૧) દીનેશ(૨) પ્રકાશ(૩) જેન્તી(૪) હંસા(૫) લક્ષ્મી આવેલ છે. જેમા પુત્ર જેન્તીભાઇ ની પુત્રી સગીર હેમાન્સી છે. આમ સગીર પુત્રી હેમાન્સી તેના દાદાની વડીલોપાર્જીત મિલ્કતમાં તેના પુત્ર જેન્તી પરસોતમ ચુડાસમાના કાયદેસરના વારસ દરજજે હકક, હીત, હીસ્સો થાય છે. પ્રતિવાદીઓની ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ તાલુકાના મલુંઢા ગામની ખેતીની જમીન ખાતા નંબર ૧૫૩ ના કબજેદારના નામ શ્રી પરસોતમભાઇ રૈયાભાઇ ચુડાસમા તથા શ્રી જેઠીબહેન રૈયાભાઇ ચુડાસમાના નામે બ્લોક સર્વે નંબર તથા હીસ્સો ૪૦ ના ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૧ – ૨૬ – ૪૭, આકાર બી.ખે.વિ.૬-૧૨ તેમજ બ્લોક સર્વે નંબર તથા હીસ્સો ૧૨૬/૩ ના હે.આરે.ચો.મી.-૦-૫૦-૫૯, આકાર ૬-૭૫ મળી કુલ ૧-૭૭-૦૬ હે.આરે.ચો.મી.ના આકાર ૧૨:૮૭ થી આવેલ છે જેમા સગીર વાદીની પુત્રી હેમાન્સીનો

પ્રતિવાદી નં.૧ ના પુત્ર જેન્તીભાઇ પરસોતમભાઇ ચુડાસમાની પુત્રી હોવાન કારણે સદરહું તમામ મિલ્કતોમાં કાયદેસરનો હકક, હીત, હીસ્સો થતો હોય પ્રતિવાદીના પુત્ર જેન્તીભાઇ પરસોતમભાઇની આ સગીર પુત્રીની તમામ પ્રકારની જવાબદારી હોવા છતાં તે જવાબદારી નિભાવવામાં નિષ્ફળ નિવડેલ છે. તેમજ વાદીએ પ્રતિવાદીઓને ત્રાહીત વડીલો મારફત અનેક વખત રજુઆત કરેલ હોવા છતાં ધ્યાન આપતા ન હોય અને સગીર વાદી પુત્રીનો તેનો થતો કાયદેસરનો ૧/૫ મા ભાગનો હીસ્સો આપતા ન હોય જે બાબતે વાદીએ પ્રતિવાદીઓને રજી.એડી.નોટીસ તા. ૧૪/૦૬/૨૦૨૧ ના રોજ આપેલ હોય જે બજી જવા છતાં પ્રતિવાદીએ નોટીસમા જણાવેલ સગીર વાદી પુત્રીનો કાયદેસરનો ૧/૫ મો ભાગ આપેલ ન હોય ત્યારબાદ તા. ૩૦/૧૦/૨૦૨૧ ના રોજ બંને વાદી પુત્રીઓનો હીસ્સો મેળવવા રૂબરૂમાં વાત કરતા હીસ્સો આપવા ઇન્કાર કરેલ હોવાનું જણાવી દાદ માંગેલ છે કે, ઉપરોકત વાદવાળી જમીનમાં પ્રતિવાદી જાતે કે તેના નોકર, ચાલક મજુરો કે તેમના કોઇપણ પ્રતિનીધીઓ કે એજન્ટો કુલમુખત્યાર કે તેમના વતી કે થી કામ કરતા આસામીઓ કોઇપણ પ્રકારની વ્યવસ્થા કે વહીવટ કે વેંચાણ કરવાનો, કોઇપણ પ્રકારનું વાંધાવાળું કૃત્ય કરે કે કરાવે નહી તેવો વચગાળાનો મનાઇહુકમ પ્રતિવાદી વિરૂદ્ધ ફરમાવવા તેમજ આ અરજી અનુસંધાને કાયદા મુજબ મળી શકતી અન્ય દાદ અપાવવા તથા અરજીનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૨). પ્રતિવાદીને દાવા તથા મનાઇહુકમની અરજીનો સમન્સ બજી જતાં પ્રતિવાદી તરફે તેમના વકીલશ્રી મારફતે દાવામાં હાજર થઇ આંક – ૧૨ થી વાદીઓની સદરહું અરજી સામે લેખીત વાંધાઓ રજુ કરેલ છે. આંક – ૧૨ વાળા લેખીત વાંધા જવાબમાં પ્રતિવાદીઓએ વાદીના દાવા તથા મનાઇ અરજીમા જણાવેલ હકીકતોનો સંપૂર્ણપણે ઇન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, વાદીના માતૃશ્રી હંસાબેન અને તેઓ પ્રતિવાદી નં.૧ ના પુત્ર જેન્તીભાઇ ઉર્ફે જયંતીભાઇ પરસોતમભાઇ ચુડાસમા પતિ–પત્ની થતા હતા અને તેમની વચ્ચે મનમેળ ન રહેતા તેઓએ પરસ્પર સ્વૈચ્છાએ છુટાછેડા લીધેલા છે અને તે અંગેનું એક નોટરાઇઝ કરાર તા. ૨૬/૦૩/૨૦૧૯ ના રોજ થયેલ છે. તે કરારમાં થયેલ સ્પષ્ટ સમજુતી મુજબ તે કરારના પાર–૭ની વિગતે પક્ષકાર નં. ૧(હંસાબેન)ને ભરણપોષણ વગેરે માટે તથા બંને પક્ષકારની પુત્રી ''હેમાન્સી'' ના ભવિષ્યનો ખ્યાલ રાખી ભરણપોષણની ઉચક રકમ રૂા. ૨,૫૦,૦૦૦/– પુરા ચુકવી આપેલ છે. આથી પક્ષકાર નં.૧ નાએ તેના માટે કે પુત્રી ''હેમાન્સી'' માટે ભરણપોષણની કોઇ રકમ માંગવાની રહેશે નહી જેની પક્ષકાર નં. ૧ ના ખાત્રી આપે છે તેમજ ભવિષ્યમાં પક્ષકાર નં.૧ ના કે પુત્રી ''હેમાન્સી'' વતી પક્ષકાર નં. ૨ પાસેથી કે પક્ષકાર નં. ૨ ની કોઇ વડીલો પાર્જીત મિલ્કતમાંથી કે સ્વપાર્જીત મિલ્કતમાંથી હાલ કે ભવિષ્યમાં હકક, હીસ્સા બાબતે કોર્ટમાં કોઇ કાર્યવાહી કરવાની રહેશે નહી એટલે કે

રૂા. ૨,૫૦,૦૦૦/– પુરાની જે રકમ પક્ષકાર નં.૧ ના નામે ચુકવાયેલ છે તેમા તમામ હીસ્સાનો સમાવેશ થયેલ છે અને તેથી જ પુત્રી'' હેમાન્સી'' નો કબજો સોંપવામાં આવેલ છે. આમ, જે તે વખતે વાદી વતી તેના માતૃશ્રીએ રોકડ રકમ રૂા. ૨,૫૦,૦૦૦/– જેવી માતબર રકમ તેઓના પુત્ર પાસેથી લીધેલ છે અને પુત્રી હેમાન્સીની તમામ જવાબદારી સ્વીકરેલ છે અને તેઓની વડીલો પાર્જીત મિલ્કતમાંથી હકક, હીસ્સો તે રીતે તેમને મળી ગયેલ છે અને તે કરારમાં કોર્ટ કાર્યવાહી કરવી નહી તેવુ સ્પષ્ટપણે તેમણે સ્વીકારેલ છે. વાદીના માતૃશ્રીએ પુત્રી હેમાન્સીના નામે મોટી રકમ તેઓ પ્રતિવાદી નં.૧ ના પુત્ર પાસેથી મેળવેલ છે અને ત્યારબાદ તેમણે પુત્રી હેમાન્સીના ભવિષ્યનો વિચાર કર્યા બાદ વાદીના માતૃશ્રીએ પુન:લગ્ન કરેલ અને હેમાન્સીના નામે લીધેલ રકમનો તેમણે ગેરઉપયોગ કરેલ છે અને તેનુ ભરણપોષણ કરવાની તેમણે સ્વીકારેલ જવાબદારીમાંથી છટકી જવા ખોટો દાવો લાવી હાલની ખોટી અરજી હોવાનું જણાવી વાદીની મનાઇહુકમની અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૩). પ્રસ્તુત કામે વાદી તથા પ્રતિવાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**વાદી તરફે દસ્તાવેજી પુરાવા:–**

| | | |
|---|---|---|
| (૧) | વાદીના આધારકાર્ડની નકલ | માર્ક ૩/૧ |
| (૨) | પ્રતિવાદીની ખેતીની જમીન મલોંઢાના ખાતા નં. ૧૫૩ ની ગામ નમુના નં. ૮-અ ની ઇધારા નકલ | માર્ક ૩/૨ |
| (૩) | પ્રતિવાદીની ખેતીની જમીન મલોંઢાની સર્વે નં. ૪૦ ની ગામ નમુના નં. ૭ અને ૧૨ ની ઇધારા નકલ | માર્ક ૩/૩ |
| (૪) | પ્રતિવાદીની ખેતીની જમીન મલોંઢાની સર્વે નં. ૧૨૬/૩ ગામ નમુના નં. ૭ અને ૧૨ ની ઇધારા નકલ | માર્ક ૩/૪ |
| (૫) | પ્રતિવાદીની ખેતીની જમીન મલોંઢાની ઉતરોતર ગામ નમુના નં. ૬ હકક પત્રકની નકલની ઇધારા નકલ | માર્ક ૩/૫ |
| (૬) | હેમાન્સી જેન્તીભાઇ ચુડાસમાના જન્મનું પ્રમાણપત્રની નકલ | માર્ક ૩/૬ |
| (૭) | વાદીએ પ્રતિવાદીઓને હીસ્સો મળવા અંગેની કરેલ નોટીસની ઓફીસકોપી | માર્ક ૩/૭ |
| (૮) | વાદીએ પ્રતિવાદીઓને કરેલ રજી.એડી.નોટીસની વિન્ડો સ્લીપ અસલ | માર્ક ૩/૮ |
| (૯) | વાદીએ પ્રતિવાદીઓને કરેલ રજી.એડી.નોટીસની ટ્રેક કન્સાઇનમેન્ટ કોપી | માર્ક ૩/૯ |
| (૧૦) | વાદી તથા જેન્તીભાઇ પરસોતમ ચુડાસમાના છુટાછેડાના દસ્તાવેજની નકલ | માર્ક ૩/૧૦ |

પ્રતિવાદી તરફે હાલના કામે કોઇ દસ્તાવેજી કે મૌખીક પુરાવાઓ રજુ થયેલ નથી.

**(૪).** વાદીઓ તરફે તેઓના વિ.વકીલશ્રી વી.સી.માવધીયાનાઓએ આંક – ૨૨ થી લેખીત દલીલ આપેલ છે જે વંચાણે લીધી. તેઓ તરફે મૌખીક રજુઆત તેઓની અરજી મુજબ કરેલ છે.

**(૫).** પ્રતિવાદી તરફે આંક – ૫ ની સુનવણી માટે તેઓ જાતે કે તેઓના તરફે વિ.વ.શ્રી. હાજર ન હોય પ્રતિવાદી તરફે દલીલનો હકક બંધ કરવામાં આવે છે.

**(૬).** આ કામે વાદીની મનાઇ અરજી તેમજ દસ્તાવેજી પુરાવા અને પ્રતિવાદી તરફે લેખીત જવાબ તેમજ વાદી તરફે થયેલ દલીલો ધ્યાને લીધી.

**(૭).** કામચલાઉ મનાઇહુકમની અરજીના નિર્ણય માટેના અગત્યના પરીબળોની ચર્ચા

**(૭.૧).** વાદીની દલીલો તથા દાવાનું રેકર્ડ ધ્યાને લીધુ.

**(૭.૨).** હાલની મનાઇહુકમની અરજીનો નિર્ણય કરતા પહેલા હાલના તબકકે મનાઇહુકમની અરજી અંગેના પ્રસ્થાપિત સિધ્ધાંતો અને કાયદાકીય ચર્ચા વિગતવાર કરવી જરૂરી માનુ છુ. હાલની આ અરજી કામચલાઉ મનાઇહુકમ મેળવવા માટેની છે. કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, મનાઇહુકમ આપવો કે ન આપવો એ અદાલતની વિવેકાધીન સત્તા છે તેમજ મનાઇહુકમની જે દાદ છે તે સમન્યાયી સિધ્ધાંતની નજર સમક્ષ રાખીને મંજુર કે નામંજુર કરવામાં આવે છે. દાવાનો કોઇ પક્ષકાર અધિકારની રૂએ માંગી શકે નહી અને કોર્ટ પણ તેવી દાદને રૂટીન મેનરમાં મંજુર કરવાની હોતી નથી પરંતુ, વિવેકપુર્ણ રીતે તેનો નિર્ણય કરવાનો હોય છે. હંગામી મનાઇહુકમની અરજી નિર્ણિત કરતી વખતે કોર્ટ ઉપર જણાવ્યા મુજબના મુખ્યત્વે ત્રણ સ્તંભોને નજર સમક્ષ રાખવાનો હોય છે જેમા પ્રથમ એ છે કે, વાદી તેમનો પ્રથમ દર્શનીય કેસ કોર્ટને બતાવી શકે છે કે કેમ ? તેમ સગવડતા અગવડતાનો ધોરણ કોઇ તરફેણમાં વધારે છે તે પણ જોવાનું છે એટલે કે જો મનાઇહુકમ આપવામાં કે ન આપવામાં આવે તો બંને પક્ષમાંથી કોઇને વધારે નુકશાન થાય તેમ છે અને ત્યારબાદ અંતમાં જો મનાઇહુકમ ન આપવામાં આવે તો, વાદીને નાંણામાં પણ ભરપાઇ ન થઇ શકે તેવુ નુકશાન થાય તેમ છે કેમ તે પણ અદાલતને જોવાનું છે. વધુમાં મનાઇહુકમની અરજીનો નિર્ણય કરતી વખતે વાદીની વર્તણૂંક પણ ધ્યાને લેવાની છે. એટલે કે વાદી તેમના

કાયદાકીય હકક પરત્વે કેટલાક સજાગ છે તે માટે તેમને કેટલી કાળજી લીધેલ છે. વધુમાં વાદીએ તેમના કાયદાકીય હકક મેળવવા માટે પ્રથમ શરત એ છે કે, તેમને કોર્ટ સમક્ષ અરજીની મહત્વની હકીકતો છુપાવેલી હોવી જોઇએ નહી આમ ઉપરોકત કાયદાકીય પરિસ્થિતી તેમજ નામ.સર્વોચ્ચ અદાલત અને નામ. વડી અદાલતના ચુકાદાઓમાં વખતો વખત પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને પણ નજર સમક્ષ રાખીને અરજીનો નિર્ણય કરવાનો હોય છે.

**(૭.૩).** આમ, હવે હાલના દાવામાં આ કામના વાદીએ સંયુકત અવિભકત કુટુંબની વડીલોપાર્જીત મિલ્કતમાંથી સગીર વાદીનો ૧/૫ હિસ્સો મેળવવા તથા આજ્ઞાત્મક પ્રતિબંધક મનાઇહુકમ માંગેલ છે અને હાલની આંક– ૫ વાળી મનાઇ અરજી દાખલ કરી વચગાળાનો મનાઇહુકમ દાવાવાળી વડીલોપાર્જીત માલીકીની ખેતીની જમીન સબંધે માંગેલ છે. આ કામના વાદી તરફે મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, આ કામના સગીર વાદી હેમાંશીબેનના પ્રતિવાદી નં.૧ દાદા થાય છે અને પ્રતિવાદી નં. ૨ દાદાના બહેન થાય છે. હાલ સગીર હેમાંશી તેઓની માતા સાથે રહે છે.સગીર હેમાંશીના માતા–પિતા વચ્ચે છુટાછેડા થયેલ છે અને સગીર પુત્રી હેમાંશીનો કબજો આ કામના વાદીને સોંપેલ હતો. સગીર હેમાંશીને ભરણપોષણ પેટે રૂા. ૨,૫૦,૦૦૦/– ચુકવવાના હતા પરંતુ કોઇપણ સગીરનો કાયદેસરનો હકક હીસ્સો ભારતીય કરારના કાયદાની કલમ –૨૫, ૨૬, ૨૭ મુજબ વોઇડ ગણાય. વધુમાં એવી હકીકત જણાવેલ છે કે, હીન્દુ અવિભકત કુટુંબની માલીકીની વડીલોપાર્જીત મિલ્કતમાં વાદીનો હીસ્સો સમાયેલ છે અને આ કામના પ્રતિવાદીઓને વડીલોપાર્જીત માલીકીની ખેતીની જમીનને કોઇપણ પ્રકારે વ્યવસ્થા,વહીવટ કે વેંચાણ કરવાનું કૃત્ય કરે કરાવે નહી તેવો મનાઇહુકમ અરજ કરેલ છે. આ કામના વાદી દ્રારા પોતાનો પ્રથમદર્શનીય કેસ બતાવવા માટે જે દસ્તાવેજી લીસ્ટ રજુ કરેલ છે તે જોઇએ તો, નિશાની ૩/૨ થી નિશાની ૩/૪ સુધીના દસ્તાવેજો દાવાવાળી વડીલોપાર્જીત મિલ્કતના ગામ નમુના નં. ૭/૧૨ અને ૮ અ ની નકલો છે. તેમા આ કામના પ્રતિવાદીઓના નામ આવેલ છે. હાલના કામના વાદીનું કે સગીર પુત્રીનું કોઇ નામ આવેલ નથી. નિશાની ૩/૫ થી ગામ નમુના નં. ૬ નું હકકપત્રક રજુ કરેલ છે. જેમા પ્રતિવાદી નં.૧ ના અમુક બહેનોએ પોતાનો હકક ઉઠાવી લીધેલ છે અને અંતે હાલના કામના પ્રતિવાદીઓના નામ રેવન્યુ રેકર્ડમાં આવેલ છે. નિશાની ૩/૭ થી આ કામના વાદીના વિ.વ.શ્રી.એ પ્રતિવાદીને નોટીસ આપેલ છે તેની નકલ રજુ કરેલ છે અને નિશાની ૩/૧૦ થી વાદી તથા તેઓના પતિ વચ્ચે થયેલ છુટાછેડાની નકલ રજુ કરેલ છે. જે તમામ દસ્તાવેજો ધ્યાને લીધા.

**(૭.૪).** દાવાવાળી મિલ્કત બાબતે જોઇએ તો, તે મિલ્કત વણવેંચાયેલ મિલ્કત છે.

મિલ્કતના મુખ્યકર્તા હાલ હયાત છે અને તેઓનું નામ ગામ નમુના નં. ૭/૧૨ અને ૮–અ માં આવેલ છે. સદર દાવાવાળી મિલ્કતના કોઇ હીસ્સા કે વિભાજન નકકી થયેલ નથી. પ્રતિવાદી નં. ૧ સગીર હેમાંશીના દાદા થાય છે અને પ્રતિવાદી નં. ૨ પ્રતિવાદી નં. ૧ ના બહેન થાય છે. એટલે કે, સદર ગામ નમુના નં. ૭/૧૨ અને ૮– અ માં સગીર વાદી હેમાંશી બહેનના પિતાના પણ કોઇ નામ દાખલ થયેલ નથી. વડીલોપાર્જીત મિલ્કત જે હાલના પ્રતિવાદીના નામે આવેલ છે તેની કોઇ વહેંચણી કે ભાગ પડેલ હોય તેવુ પ્રથમદર્શનીય રીતે જણાઇ આવતું નથી.

(૭.૫). આ કામના વાદી તરફે એવી પ્રથમદર્શનીય કોઇ હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી કે આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી જમીનની વેંચાણ કરવાનો પ્રયત્ન કરી રહેલ હોય, કોઇ અન્ય વ્યકિતને બાનાખત કરી આપેલ હોય, કે અન્ય વ્યકિતના નામે દસ્તાવેજ કરી આપેલ હોય માત્ર વાદી દ્વારા પોતાનો હીસ્સો તકરારી મિલ્કતમાં સમાયેલ છે અને તે હિસ્સો નકકી કરવા માટે હાલના કામના પ્રતિવાદીઓ વિરૂદ્ધ મનાઇહુકમ માંગેલ છે. હવે દાવાવાળી તકરારી મિલ્કત બાબતે જોઇએ તો, મિલ્કત જયારે વણવેંચાયેલ હોય ત્યારે વડીલોપાર્જીત મિલ્કતમાં કોનો કેટલો હિસ્સો આવે છે તે ચોકકસ પુરાવો લીધા વિના નકકી કરી શકાય નહી. એટલે કે, તે માટે બંને પક્ષે પુરાવો લેવો આવશ્યક જણાય છે. વધુમાં હાલના કામના પ્રતિવાદીઓ દ્વારા દાવાવાળી મિલ્કત પરત્વે કોઇ ગેરકૃત્ય કરેલ હોય કે મિલ્કત વેડફી નાખતા હોય તેવુ પ્રથમદર્શનીય પુરવાર કરી શકેલ નથી. જેથી પણ પ્રતિવાદીઓ સામે દાવાવાળી તકરારી મિલ્કત બાબતે કામચલાઉ મનાઇહુકમ આપી શકાય નહી. વધુમાં પ્રતિવાદીઓ દ્વારા જો દાવાવાળી મિલ્કત પરત્વે કોઇ વેંચાણ કે બાનાખત કરે તો પણ લીઝ પેન્ડન્સનો સિધ્ધાંત લાગુ પડે છે અને મિલ્કત ખરીદનારને પણ દાવાના કામે પક્ષકાર તરીકે જોડી શકાય તેમ છે. વધુમાં હાલના કામે પ્રતિવાદીઓના નામ જયારે રેવન્યુ રેકર્ડમાં હોય અને તેઓનું મિલ્કતમા હીત સમાયેલ હોય તેમની સામે કામચલાઉ મનાઇહુકમ આપી શકાય નહી તેવુ અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. આમ હાલના તબકકે વાદી દ્વારા તેઓનો પ્રથમદર્શનીય કેસ સાબીત કરી શકેલ નથી.

(૭.૬). આમ ઉપરોકત હકીકતે જોતા, વાદી જે હકીકતે મનાઇ અરજી દાખલ કરેલ છે તે હકીકતો બાબતે ચોકકસ પુરાવો લેવો જરૂરી જણાય છે. વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ નથી. સગવડતા અગવડતાની સમતુલાના સિધ્ધાંત ધ્યાને લઇએ તો રેકર્ડ પર રજુ થયેલ દસ્તાવેજો અને હકીકતો ધ્યાને લઇએ તો, વાદીનો કોઇ પ્રથમદર્શનીય કેસ જણાઇ આવતો નથી. જેથી સગવડતા અગવડતાની સમતુલા પણ વાદીની તરફેણમાં નથી તેવુ અત્રેની અદાલતનું માનવું છે. ત્રીજા સિધ્ધાંત નાંણાથી ન માપી શકાય તેવુ નુકશાન

ધ્યાને લઇએ તો ઉપરોકત બે સિધ્ધાંતો વાદીના તરફેણમાં નથી તેવુ અત્રેની કોર્ટનું માનવું હોવાથી જો વાદીને કામ ચલાઉ મનાઇ હુકમ ન આપવામાં આવે તો વાદીને કોઇ નાંણાથી ન માપી શકાય તેવુ નુકશાન થાય તેમ નથી તેવુ અત્રેની કોર્ટનું માનવું છે. વાદીની મનાઇ અરજીની હકીકતો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતા પ્રતિવાદી વિરૂદ્ધ મનાઇ હુકમ ન આપવો જોઇએ તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે.

(૭.૭). નામ. સુપ્રીમ કોર્ટના એક બીજા ચુકાદા **Himachal Steel V/S Union Of India AIR 1988 ALL 191** મા નીચે મુજબનું અવલોકન કરેલ છે.

> **No temporary injunction should be granted unless the plaintiff establishes a prima facie case, balance of convenience and likelihood of irreparable injury. Absence of any of these three ingredients entails rejection of the application**

(૮). ઉપરોકત તમામ ચર્ચાને અંતે અત્રેની કોર્ટ એવા તારણ પણ આવે છે કે, હાલના કામે વાદીનો કોઇ પ્રથમદર્શનીય કેસ નથી. તેવી જ રીતે સગવડતાની સમતુલાનું ધોરણ તથા નાંણાથી ન માપી શકાય તેવુ નુકશાન પણ વાદીની તરફેણમાં ન હોવાનું જણાય છે જેથી નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચીત જણાતો હોય નીચે મુજબનો હુકમ કરુ છુ.

**//હુકમ //**

(૧) વાદીની આંક – ૫ ની મનાઇ હુકમની અરજી નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

આ હુકમ આજરોજ તા. ૨૬મી, માહે – ઓગષ્ટ, સને – ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ :– વેરાવળ**
**તા. :– ૨૬/૦૮/૨૦૨૫**

**(અર્પિત એ.જાની)**
**એડી.સીવીલ જજ,**
**ગીર – સોમનાથ(વેરાવળ)**
**(કોડ નં. જી.જે. ૦૧૬૪૪)**